# ભારત અને ચીન વચ્ચે ૨૪ સમજૂતિ પર હસ્તાક્ષર

બેજિંગ,તા. ૧૫

ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે ખૂબ જ સાનુકુળ માહોલમાં ચીની વડાપ્રધાન લી ક્વિંગ સાથે શિખર મંત્રણા કરી હતી. શિખર મંત્રણા દરમિયાન કુલ ૨૪ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ-ગાંધીનગર ગુજરાતના મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યરશિપ સ્થાપિત કરવામાં સહકાર કરવા એક્શન પ્લાન બનાવવા ઉપર પણ સહમતિ થઈ હતી. ૧૦ અબજ ડોલરની કિંમતની ૨૪ સમજૂતિઓ કરવામાં આવી હતી. બેજિંગમાં બન્ને નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં સરહદી સંબંધી મામલા, મુડીરોકાણ અને જુદા જુદા ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ચર્ચા કરવામાં આવી હતી. ચીની યાત્રાના બીજા દિવસે મોદી બેજિંગ પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગ્રેટ હોલ ઓફ પીપલમાં તેમનુ શાહી રીતે સ્વાગત કરવામાં આવ્યું હતુ. સૌથી પહેલા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામા આવ્યું હતુ. ત્યારબાદ લી અને મોદી વચ્ચે ચર્ચા શરૂ થઈ હતી. રેલવે, એજ્યુકેશન, સ્પેસ, સ્કિલ ડેવલપમેન્ટ જેવા જુદા જુદા ક્ષેત્રોમાં વાતચીત થઈ હતી. મોદીએ બીજા દિવસે વાતચીત કરી હતી. મોદીએ બેજિંગમાં લી સાથે જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. લી સાથે જુદા જુદા વિસ્તારની મુલાકાત લીધી હતી. આ ગાળા દમરિયાન હળવાશની પળો પણ માણવામાં આવી હતી. મોદીએ ચીની વડાપ્રધાન સાથે સેલ્ફી પડાવી હતી. વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. યોગાના મહત્વ અંગે વાત કરી હતી. હેવન મંદિરની મુલાકાત લીધી હતી. સાથે સાથે શિન્હુઆ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. ગઈકાલે પ્રમુખ સાથે પાંચ કલાક વાતચીત કરી હતી.

ગુરૂવારે મોદી અને ઝિનપિંગ વચ્ચે વાતચીત થયા બાદ બૌદ્ધ ધર્મને લોકપ્રિય બનાવવામાં સંત જુઆન જાંગના યોગદાનની સ્મૃતિમાં બનાવવામાં આવેલા છઠ્ઠી સદીના વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પણ પહોંચ્યા હતા. ગઈકાલે સવારે શિઆન પહોંચ્યા બાદ તેઓએ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ સ્તરની મંત્રણા પણ યોજી હતી. ત્યારબાદ બન્ને નેતાઓ વચ્ચે શિખર બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓ છવાયા હતા. શી જિનપિંગે શાનક્સી ગેસ્ટહાઉસમાં મોદીનું ભવ્ય સ્વાગત કર્યુ હતું અને બન્ને નેતાઓએ ફોટોગ્રાફરો માટે હાથ મિલાવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, શી જિનપિંગ દ્વારા તેમનું જે રીતે સ્વાગત કરાયું છે તેનાથી તેઓ ખૂશ છે. મોદીએ હિંદીમાં વાત કરી હતી જ્યારે શી જિનપિંગે ચીની ભાષામાં વાત કરી હતી. ચીની પ્રમુખે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદની તેમની યાત્રાની યાદો તાજી કરી હતી. જે દરમિયાન મોદીએ જિનપિંગ માટે રંગારંગ કાર્યક્રમો યોજયા હતા. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જુદા-જુદા કાર્યક્રમો યોજાયા હતા. બન્ને નેતાઓ વચ્ચે વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ હતી. જેમાં વેપાર કારોબારને વધારવા, વેપાર અસંતુલાને દૂર કરવા, સરહદી મુદ્દા પર ચર્ચા થઈ હતી. બન્ને નેતાઓએ આતંકવાદ સામેની લડાઈમાં સહકારને મજબુત કરવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો. ઉપરાંત કનેક્ટીવીટીને વધારવાનો મુદ્દો પણ છવાયો હતો. શિખર વાતચીતમાં સંબંધોને મજબુત કરવા ચર્ચા થયા બાદ મોદી અને શી જિનપિંગ વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પહોંચ્યા હતા. આને પવિત્ર બૌદ્ધ સ્થળ તરીકે ગણવામાં આવે છે. આનું નિર્માણ ૬૫૨ એડીમાં કરવામાં આવ્યું હતુ. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોના ઐતિહાસિક પ્રવાસે રવાના થયા બાદ ગઈકાલે વહેલી પરોઢે જ ચીન પહોંચી ગયા હતા. મોદી ગઈકાલે સવારમાં આશરે ચાર વાગે ચીની પ્રમુખ શી ઝિનપિંગના વતન શિઆન પહોંચ્યા હતા. વડાપ્રધાન તરીકે મોદી પ્રથમ વખત ચીન પહોચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ૨૧મી સદી એશિયાની છે. મોદીની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ સચિવ એસ.જયશંકર પણ પહોંચ્યા હતા. શિઆંન પહોંચ્યા બાદ મોદી સીધા ટેર્રાકોટ્ટા વોરિયર્સ મ્યુઝિયમમાં પહોંચ્યા હતા. ચીન, મંગોલિયા અને દક્ષિણ કોરિયાની યાત્રા દરમિયાન મોદી ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકાર વધારવાના પ્રશ્ને વાતચીત કરનાર છે. મોદીની છ દિવસની ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રા પર વિશ્વની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. તેમની ત્રણ દેશોની યાત્રાના પ્રથમ તબક્કામાં તેઓ આજે વહેલી સવારે ચીન પહોંચી ગયા હતા. ગઈકાલે ટેર્રાકોટ્ટા વોરિયર્સ મ્યુઝિયમમાં પહોંચ્યા હતા. ચીન, મંગોલિયા અને દક્ષિણ કોરિયાની યાત્રા દરમિયાન મોદી ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકાર વધારવાના પ્રશ્ને વાતચીત કરનાર છે. મોદીની છ દિવસની ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રા પર વિશ્વની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ચીન બાદ મંગોલિયા અને દક્ષિણ કોરિયા જશે. ચાવીરૂપ ક્ષેત્રોમાં સહકારને વધારવા માટે ત્રણ દેશો સાથે શ્રેણીબદ્ધ સમજુતી કરવામાં આવનાર છે.વડાપ્રધાન અને ચીની પ્રમુખ સાથે વાતચીતની સાથે સાથે મોદી ટોપ ચીની સીઈઓને પણ મળશે. જેમાં અલીબાબાના સ્થાપકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચીની યાત્રાના છેલ્લા દિવસે ૧૬મી મેના દિવસે શાંઘાઈમાં ભારત ચીની બિઝનેસ ફોરમને પણ સંબોધશે. ભારતમાં નાણાપ્રવાહનો વરસાદ હજુ શરૂ થયો નથી. ગયા વર્ષે ચીની પ્રમુખ જિનપિંગ અમદાવાદ આવ્યા હતા. ચીન બાદ મોદી મોંગોલિયા જશે જ્યાં મોંગોલિયન સંસદને રવિવારે સંબોધન કરશે. તેઓ મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. મોંગોલિયન પ્રમુખ સાથે દ્વિપક્ષીય સંબંધો ઉપર વાતચીત કરશે. પરમાણુ ટેકનલોજી, સોલર વિન્ડ એનર્જી, વિમાની સેવા અને અન્ય ક્ષેત્રોમાં પરમાણુ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરાશે. બંને પક્ષો બેવડા કરવેરા નાબૂદી સમજૂતિ ઉપર હસ્તાક્ષર પણ કરશે. પરિવહન હાઈવે અને અન્ય ક્ષેત્રોમાં સમજૂતિ થશે. મોદી ૧૯મી મેના દિવસે સિયોલથી નવી દિલ્હી પરત ફરશે.તેમની યાત્રા ખુબ મહત્વપૂર્ણ સાબિત થનાર છે.





### કૈલાશ માનસરોવરનો બીજો રૂટ જૂનમાં શરૂ

બેજિંગ,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એમ પણ કહ્યું હતું કે, ભારતીય પ્રવાસીઓ માટે કૈલાશ માનસરોવર માટેના બીજા રુટને જૂનમાં ખોલી દેવામાં આવશે. આના માટે તેઓ ચીની પ્રમુખ જિંગપિંગનો આભાર માને છે. કૈલાશ માનસરોવરની યાત્રામાં મોટી સંખ્યામાં ગુજરાતી લોકોની સાથે સાથે ભારતીય લોકો જાય છે. જટિલ માર્ગના કારણે ઘણા યાત્રીઓને મુશ્કેલીઓ પણ નડે છે જેથી હવે બીજો માર્ગ શરૂ કરવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ચીની પ્રમુખ જિંગપિંગ જ્યારે ભારત આવ્યા ત્યારે આ મુદ્દા ઉપર સહમતિ થઈ હતી.

### કઇ ૨૪ સમજૂતિઓ થઇ...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ચીનના ઐતિહાસિક પ્રવાસે પહોંચેલા છે. ચીન યાત્રાના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના વડાપ્રધાન સાથે શિખર બેઠક યોજી હતી. ત્યારબાદ ભારત અને ચીન વચ્ચે ૧૦ અબજ ડોલરથી વધુ કિંમતના ૨૪ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે ૨૪ સમજૂતિઓ કરાઈ તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | બંને દેશો વચ્ચે નવા વાણિજ્ય દૂતાવાસ ખોલવા અને કેટલાકને અપગ્રેડ કરવા પર સમજૂતિ |
| ૨ | વોકેશનલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટ પર બંને દેશોના સંબંધિત મંત્રાલયો વચ્ચે સમજૂતિ |
| ૩ | અમદાવાદ-ગાંધીનગર ગુજરાતમાં મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યરશિપ સ્થાપિત કરવામાં સહકાર માટે એક્શન પ્લાન |
| ૪ | ટ્રેડ નેગોશિએશનમાં સહકાર વધારવા માટે બંને સરકારો વચ્ચે સમજૂતિ |
| ૫ | ભારતના વિદેશમંત્રાલય અને ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટિમાં ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ વચ્ચે સહકાર વધારાશે |
| ૬ | ચીનના નેશનલ રેલવે એડમિનિસ્ટ્રેશન અને ભારતના રેલ મંત્રાલય વચ્ચે રેલવે સેક્ટરમાં સહકાર વધારાશે |
| ૭ | એજ્યુકેશન એક્સચેંજ પ્રોગ્રામ ઉપર સહમતી થઈ |
| ૮ | ખનીજ ભંડાર અને સંશાધનોને લઈને બંને દેશોના સંબંધિત મંત્રાલયો અને વિભાગો વચ્ચે સહકાર વધારાશે |
| ૯ | સ્પેશ કો-ઓપરેશન આઉટલાઈન ઉપર સહમતિ થઈ |
| ૧૦ | સફેદ સરસિયાની આયાત પર આરોગ્ય અને સુરક્ષા સંબંધિત રેગ્યુલેશન માટે સંબંધિત વિભાગોમાં સંતુલન અને સંકલન જળવાશે |
| ૧૧ | દૂરદર્શન અને ચીનના સરકારી નેટવર્ક સીસીટીવી વચ્ચે સહકાર વધારાશે |
| ૧૨ | ભારત અને ચીનના ટ્યુરિઝમ મંત્રાલય વચ્ચે સહકાર વધારાશે |
| ૧૩ | ભારત ચીન થીંક ટેન્ક ફોરમની રચના કરાશે |
| ૧૪ | ભારત સરકારના નીતિ આયોગ અને ચીનના ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર વચ્ચે સહકાર વધારાશે |
| ૧૫ | ભારતના ભૂ વિજ્ઞાન મંત્રાલય અને ચીનના ભૂકંપ વહીવટીતંત્ર વચ્ચે ભૂકંપ વિજ્ઞાન અને ભૂકંપ નિયંત્રિત એન્જિનિયરિંગ ક્ષેત્રમાં સહકાર વધારાશે |
| ૧૬ | ભારત સરકારના ભૂ વિજ્ઞાન મંત્રાલય અને ચીનના સ્ટેટ કોસનિક એડમિન વચ્ચે સાયન્સ, પોલાર સાયન્સ અને હવામાન જેવા ક્ષેત્રોમાં સહકાર વધારાશે |
| ૧૭ | જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા, ખનીજ મંત્રાલય અને ચીનના સંબંધિત વિભાગ સાથે જીઓ સાયન્સના ક્ષેત્રમાં સહકાર વધારાશે |
| ૧૮ | ભારત સરકારના વિદેશમંત્રાલય અને ચીનના વિદેશ મંત્રાલય મળીને રાજ્યો અને પ્રાંતોના નેતાઓની ફોરમની રચના કરશે |
| ૧૯ | કર્ણાટક સરકાર અને સીસુઆ પ્રાંતની વચ્ચે સિસ્ટર સ્ટેટ, પ્રાંત રિલેશન સ્થાપિત કરાશે |
| ૨૦ | ભારતના શહેર ચેન્નાી અને ચીનના ચોનકિંગ વચ્ચે સિસ્ટરસિટી રિલેશનશીપ સ્થાપિત કરાશે |
| ૨૧ | ભારતમાં હેદરાબાદ અને ચીનના કિંગદાઓ શહેર વચ્ચે સિસ્ટરસિટી સંબંધ બનાવાશે |
| ૨૨ | ભારતના ઔરંગાબાદ અને ચીનના દુનહુઆંગ શહેર વચ્ચે સિસ્ટરસિટી સંબંધ બનાવાશે |
| ૨૩ | ભારતના કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન અને ચીનના ફુદાન યુનિવર્સિટી વચ્ચે સેન્ટર ફોર ગાંધીયન એન્ડ ઈન્ડિયન સ્ટડીઝની સ્થાપના પર સહમતિ |
| ૨૪ | ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન અને યુનામિંજુ યુનિવર્સિટી વચ્ચે યોગ કોલેજની સ્થાપના પર સહમતિ |

### શાંઘાઈમાં ભારતીયોને સંબોધશે

## મોદી આજે ચીની કંપની વડાઓ સાથે ચર્ચા કરશે

બેજિંગ,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોડેથી શાંઘાઈ જવા માટે રવાના થઈ ગયા હતા. મોદી ચીન પ્રવાસના બીજા દિવસે જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા હતા. આ ગાળા દરમિયાન મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતીય પ્રવાસીઓ માટે કૈલાશ માનસરોવર માટેના બીજા રુટને જૂનમાં ખોલી દેવામાં આવશે. આના માટે તેઓ ચીની પ્રમુખ જિંગપિંગનો આભાર માને છે. દરમિયાન મોદી બેજિંગમાં દિવસ પસાર કર્યા બાદ શાંઘાઈ જવા રવાના થયા હતા. મોદી આવતીકાલે ટોચની ચીની કંપનીઓના સીઈઓ સાથે વાતચીત કરશે જેમાં અલીબાબાનો પણ સમાવેશ થાય છે. તેઓ ભારત ચીન વેપાર મંચને પણ સંબોધશે. ભારતીય સમુદાયના લોકોને પણ શાંઘાઈમાં સંબોધન કરશે. ત્યારબાદ મોંગોલિયા જવાના રવાના થશે.

## તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે જયાની ટૂંકમાં તાજપોશી થશે

ચેન્નાઈ,તા. ૧૫

અન્નાદ્રમુકના નેતા જયલલિતા અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ છોડી મુકાયા બાદ હવે પાંચમી વખત મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળે તેવી શક્યતા છે. ૨૨મી મેના દિવસે પક્ષના ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી છે. અન્નાદ્રમુકના નજીકના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, જયલલિતા ૨૨મી મેના દિવસે પાર્ટી હેડક્વાર્ટર ખાતે યોજાનારી મહત્વની બેઠકમાં અન્નાદ્રમુક વિધાનસભા પાર્ટીના નેતા તરીકે ચૂંટાઈ આવશે. અગાઉ ટુંકી અખબારી યાદીમાં ધારાસભ્યોની બેઠકની જાહેરાત કરવામાં આવી હતી. તમામ ધારાસભ્યોને આ બેઠકમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યું છે. જયલલિતા ૨૨-૨૩મી મે વચ્ચે કોઈપણ સમયે મુખ્યમંત્રી તરીકે સત્તા સંભાળી લેશે. હાલના મુખ્યમંત્રી પન્નીરસેલ્વમ



કેબિનેટ યોગ્ય સમયે આદેશ મળ્યા બાદ રાજીનામુ આપશે. ૧૯૯૧માં જયલલિતા પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા હતા. એ ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મળી હતી. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા બાદ આ ચૂંટણી યોજાઈ હતી. ૨૧મી મે ૧૯૯૧ના દિવસે એલટીટીઈની મહિલા આત્મઘાતી બોંબર દ્વારા રાહુલ ગાંધીની હત્યા કરવામાં આવી હતી.

૨૦૦૧-૦૬ વચ્ચે જયલલિતા બીજી વખત મુખ્યમંત્રી બન્યા હતા. ૨૦૧૧માં જયલલિતા ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા હતા. તે વખતે ડીએમકેને હાર આપવામાં આવી હતી. ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડના પરિણામ સ્વરુપે ડીએમકેની હાલત કફોડી બની ગઈ હતી. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે બેંગ્લોરની ટ્રાયલ કોર્ટે જયલલિતાને અપરાધી ઠેરવીને સજા ફટકારતા મુખ્યમંત્રી તરીકે જયલલિતાને રાજીનામુ આપવું પડ્યું હતું. તે વળા પન્નીરસેલ્વમને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ૨૦૦૧માં પણ તેઓ મુખ્યમંત્રી બન્યા હતા.

### ખેડૂતોના મુદ્દાને રાહુલ ગાંધીએ જોરદાર રીતે ચગાવ્યો

## જમીન બિલ મામલે સરકાર પર પ્રહાર : ખેડૂતોને મદદની ખાતરી

હેદરાબાદ,તા. ૧૫

ખેડૂતોના મુદ્દા ઉપર ધ્યાન વધારે કેન્દ્રિત કરીને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે તેલંગાણામાં પદયાત્રા યોજી હતી જે દરમિયાન રાહુલ ગાંધીએ મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતો સાથે વાતચીત કરી હતી અને તેમની સમસ્યાઓ જાણવા પ્રયાસ કર્યા હતા. તેલંગાણામાં પોતાની પદયાત્રાની શરૂઆત કર્યા બાદ રાહુલ ગાંધી ખુબ જ આક્રમક દેખાયા હતા. પદયાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરકારની જમીન બિલને લઈને જોરદાર ઝાટકણી કાઢી હતી. વિસ્થાપિત અને નિરાશ થયેલા ખેડૂતો સાથે વાતચીત કરી હતી. અદીલાબાદ જિલ્લામાં કોરાટિકલ ગામથી તેમની ૧૫ કિલોમીટરની પદયાત્રા શરૂ કરી હતી. અદિલાબાદ જિલ્લામાં રાહુલ ગાંધીએ તેમની યાત્રા યોજી હતી. રાહુલ બે ૧૨ લાખના દેવાના કારણે આત્મહત્યા કરી લેનાર વેલમા રાજેશ્વરના પરિવારના સભ્યોને પણ મળ્યા હતા અને તેમને સાત્વના આપી હતી. રાજેશ્વરની વિધવાને બે લાખનો ચેક પણ આપવામાં આવ્યો હતો. ૪૪ વર્ષીય અમેઠીના સાંસદે



મોડેથી વધારે ખેડૂતો સાથે પણ વાતચીત કરી હતી. લક્ષ્મણચંદા, રાજપુર અને વાડિયલ ગામમાં લોનની ફેર ચુકવણી કરવા નિષ્ફળ રહેલા ખેડૂતોને પણ મળ્યા હતા. રાહુલ ગાંધીની નવા રાજ્યની રચના કરવામાં આવ્યા બાદ તેલંગાણાની આ પ્રથમ મુલાકાત હતી. આંધ્રપ્રદેશના વિભાજન દ્વારા ગયા વર્ષે તેલંગાણાની રચના કરવામાં આવી હતી. અલગ રાજ્યની રચના કરવામાં આવી હોવા છતાં ગયા વર્ષની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને કોઈ ફાયદો થયો ન હતો. અહીં તેલંગાણા રાષ્ટ્રીય સમિતિની શાનદાર જીત થઈ હતી. કે ચંદ્રશેખર રાવના નેતૃત્વમાં પાર્ટીની જીત થઈ હતી જે સત્તામાં આવી હતી. રાહુલની પદયાત્રામાં ખેડૂતો પણ સામેલ થયા હતા. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, રાહુલ ગાંધી ખેડૂતોના મુદ્દાઓને ઉઠાવી રહ્યા છે. તેમની યાત્રા પહેલા શાસક ટીઆરએસે રાહુલની ઝાટકણી કાઢી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મોદી સરકાર જમીન બિલને લઈને ખેડૂતોની મુશ્કેલી વધારી રહી છે. એનડીએ સરકાર ખેડૂત વિરોધી વલણ અપનાવી રહી છે. કોંગ્રેસના નેતૃત્વમાં સરકાર દરમિયાન પણ બિલ પસાર કરાયુંહતુ જેમાં જણાવાયું હતું કે જો જમીન મેળવવામાં આવે છે તો તમામ અસરગ્રસ્ત પર તેની શું અસર થઈ તેની સમીક્ષા કરવા સોશિયલ ઓડિટ કરવામાં આવશે. જમીન મેળવતા પહેલા અમારા કાયદામાં ખેડૂતોની મંજુરી પણ લેવામાં આવતી હતી. કોંગ્રેસ પાર્ટી હંમેશા ખેડૂતોની મદદ કરવા માટે આગળ રહી છે. કોંગ્રેસ સરકારે ૭૦૦૦૦ કરોડની લોન માફી આપી હતી. સાથે સાથે ખેડૂતોને કૃષિ લોન ૭૦૦ ટકા વધારી હતી. રાહુલે અદિયાબાદમાં જાહેર રેલી પણ યોજી હતી જેમાં કહ્યું હતું કે, જ્યારે પણ ખેડૂતો મુશ્કેલમાં મુકાયા છે ત્યારે કોંગ્રેસ તેમની સાથે રહી છે. રાહુલે તેમની ૧૫ કિલોમીટર લાંબી પદયાત્રાને સમેટી લીધી હતી.

### કેજરીવાલ સરકારે નોટિસ ફટકારી

## બરખા શુક્લા સિંહને અંતે સરકારે ફટકારેલી નોટિસ

નવી દિલ્હી,તા. ૧૫

આમ આદમી પાર્ટીન નેતા કુમાર વિશ્વાસ સામે ફરિયાદ દાખલ કરવામાં આવ્યાના એક દિવસ બાદ દિલ્હી સરકારે આજે મહિલા પેનલના વડાને નોટિસ ફટકારી હતી. દિલ્હી મહિલા પંચના વડા બરખા શુક્લા સિંહને



નોટિસ ફટકારવામાં આવ્યા બાદ બંને વચ્ચે ખેંચતાણ વધી ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલ સરકાર હાલમાં નારાજ દેખાઈ રહી છે. મહિલા પંચના વડા પદેથી બરખા શુક્લાને દૂર કરવાની હિલચાલ પણ શરૂ થઈ ગઈ છે. નોંધની બાબતો હજુ સુધી જાણી શકાય નથી. બીજી બાજુ દિલ્હી મહિલા પંચના વડાનો આક્ષેપ છે કે, દિલ્હીમાં એએપી દ્વારા અશ્લીલ રાજનીતિ રમવામાં આવી રહી છે. દિલ્હી સરકારની નોટિસ અંગે કોઈ પ્રતિક્રિયા આપવાનો બરખા શુક્લાએ ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, આ સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી મળી નથી. એએપી સરકારની હિલચાલને અયોગ્ય તરીકે ગણાવીને બરખા સિંહે કહ્યું છે કે, તેઓ આ મામલે લડત ચલાવવા તૈયાર છે. કુમાર વિશ્વાસ સામે પગલા લેવા દિલ્હી પોલીસ સમક્ષ રજૂઆત કરવા માટે ખુલાસો માંગવામાં આવ્યો છે. બીજી બાજુ ભાજપ દિલ્હી એકમના પ્રમુખ સતીષ ઉપાધ્યાયે સિંહની ટિપ્પણી અંગે કોઈ વાત કરી નથી અને કહ્યું છે કે, જો વિશ્વાસ સામે ફરિયાદના કારણે નોટિસ મોકવલવામાં આવી છે તો તે યોગ્ય બાબત નથી.

## દિલ્હીમા એક લાખ યુવતિને આત્મરક્ષણની ટ્રેનિંગ મળશે

નવી દિલ્હી,તા. ૧૫

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ગુનાઓના પ્રમાણમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે મહિલાઓ અને યુવતિઓને આત્મરક્ષણની તાલીમ પણ હાલમાં આપવામાં આવી રહી છે. દિલ્હીમાં આત્મરક્ષણની તાલીમ એક લાખ યુવતિઓને આપવામાં આવનાર છે. જે પૈકી ૬૬૦૦૦ યુવતિઓને હજુ સુધી આત્મરક્ષણની તાલીમ પહેલાથી જ આપવામા આવી ચુકી છે. દિલ્હી પોલીસના કમીશનર બીએસ બસ્સીએ માહિતી આપતા કહ્યું છે કે મહિલાઓની સુરક્ષા અને સલામતી માટેના મુદ્દા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. કેન્દ્રિય ગૃહ સચિવના નેતૃત્વમાં ટાસ્ક ફોર્સને બસ્સી દ્વારા આ અંગેની માહિતી આપી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ યુવતિઓને જરૂરી સ્વબચાવની ટ્રેનિંગ આપી રહી છે. ગૃહ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓમાં દહેશતને દુર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સંબંધિત સત્તાવાળાઓ દ્વારા સ્કુલના અભ્યાસક્રમમાં પણ આત્મબચાવની ટ્રેનિંગ આપવામાં આવનાર છે. ગૃહ સચિવે ડીટીસી બસમાં સીસીટીવી અને જીપીઆરએસ આધારિત ટ્રેકિંગ સિસ્ટમ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. જીપીએસના મુદ્દા પર ખાસ ધ્યાન આપવા માટે અધિકારીઓને સુચના આપવામાં આવી છે. સ્ટ્રીટ લાઈટ અને લાસ્ટ માઈલ કનેક્ટિવીટી તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દિલ્હીની પ્રતિષ્ઠાને સુધારવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં વધતા ગુનાઓને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દિલ્હીની રેપ કેપિટલ તરીકેની છાપ હવે ઉભી થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી દિલ્હીમાં રેપ અને મહિલાઓની છેડતીના બનાવો સતત વધ્યા છે. કાયદા વધુ કઠોર કરવામાં આવ્યા હોવા છતાં પગલા લેવામાં આવી રહ્યા છે.

### ત્રણ સાક્ષી હાલમાં ખોટા નિવેદન કરી રહ્યા છે

## સુનંદા કેસ : ત્રણ સાક્ષીઓના પોલિગ્રાફ ટેસ્ટ કરવા તૈયારી

નવી દિલ્હી,તા. ૧૫

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સુનંદા પુષ્કર મોતના મામલામાં દિલ્હી પોલીસ હજુ પણ ઉંડી તપાસમાં વ્યસ્ત છે. દિલ્હી પોલીસ હવે ત્રણ સાક્ષીઓના પોલિગ્રાફ ટેસ્ટ કરવાની તૈયારીમાં છે. પોલીસને લાગે છે કે ત્રણ સાક્ષી હાલમાં ખોટા નિવેદન કરી રહ્યા છે. આ સાક્ષીઓ પોલીસને પણ ગેરમાર્ગે દોરી રહ્યા છે.



સ્થાનિક નોકર નારાયણસિંહ, ડ્રાઈવર બજરંગી અને શશી થરુરના મિત્ર સંજય દિવાનના પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવનાર છે. પોલીસને શંકા છે કે ત્રણેય ખોટા નિવેદન કરી રહ્યા છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ આ ત્રણેયને સુનંદા સાથે જોડાયેલી તમામ બાબતો અંગે માહિતી છે. પોલીસના જણાવ્યા મુજબ ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે લીલા હોટેલમાં સાંજે સાત વાગ્યા વીજળી ડુલ થઈ ગઈ હતી. આને લઈને તમામ લોકોને કોઈ માહિતી મવી નથી. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સુનિલ કુમાર શર્માએ ગુરૂવારના દિવસે ત્રણેય સામે સમન્સ જારી કરી દીધુ હતુ. સાથે સાથે તમામને ૨૦મી મેના દિવસે કોર્ટમાં હાજર થવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.

પોલીસ કેટલાક મામલે વધુ સ્પષ્ટ નિવેદન ઈચ્છે છે. જ્યારે ત્રણ મુખ્ય સાક્ષી ઘટનાસ્થળે પણ હતા ત્યારે સુનંદાના શરીર પર ઈજાના નિશાન કઈ રીતે આવ્યા તે અંગે કેમ કોઈની પાસે માહિતી નથી. અત્રે નોંધનીય છે કે કોઈએ પણ પોલીસને શશી થરુર અને પાકિસ્તાની પત્રકાર તરાર વચ્ચેના સંબંધોની વાત કરી નથી. તરાર અને થરુર વચ્ચેના સંબંધના કારણે સુનંદા અને શશી થરુર વચ્ચેના સંબંધ ખરાબ થઈ ગયા હતા. પોલિગ્રાફ ટેસ્ટને લઈને તમામ તૈયારી કરી લીધી છે.

### ભારત : એક વિઝન-૨૦૨૦ (પાના નં. ૪ નું ચાલુ)

એ બંને તો ગયા પણ મારા મનમાં અજંપો થયો... અલ્લાહની આજ્ઞા તો છે કુરબાનીની... ને આ તો ગુનેગારને સજા મળી.. હું શું કરું? મેં મારી પત્ની મારા ચિત્તની વેદના પુત્રી નરગીસને સ્પર્શી ગઈ. તે આવીને કહે, 'તમે ચિંતા ન કરો. હું પયગામને નિષ્ફળ નહિ થવા દઉ...'

ને પછી પંડિતજીને નમન કરીને કહે, હું આ સમાજ સામે અલ્લાહના નામે શપથ લઉં છું હું પંડિતજીની પુત્રવધુ બની તેની સેવા કરીશ. હું પંડિત પુત્રને વિનંતી કરું છું કે તે મારો સ્વીકાર કરે. ગામમાં કાયમ સુખ અને શાંતિ જળવાય તે માટે બંને કોમની બહેનો મારા પગલે ચાલે... આ છે મારી કુરબાની.. ગંભીર વાતનો પડઘો પણ ગંભીર જ પડે. પંડિત પુત્રે નરગીસનો હાથ પકડી લીધો. તેના આહવાનના જવાબમાં ત્રણ યુવતીઓ આગળ આવી. અને કહે અમો યુવાનોને આહવાન કરીએ છીએ. આવો આ અમે ઊભા અમારા હાથ ઝાલો.. અમો જીવનભર તમારા થઈ રહીશું... જવાબમાં બે મુસ્લિમ તથા એક હિન્દુ યુવાન આગળ આવ્યો.

અહીં ચિતા જલવાઈ ને કબર ખોંદાઈ. ચાર યુગલો ચિતાને કબર ફરતા ફેરાં ફર્યા.. ગામે નવી જ ક્રાન્તિના દર્શન કર્યા. આજે આ ગામમાં વીસ જેટલા એવા દંપતિ છે જેમાં પતિપત્ની અગ ધર્મ પાળતા હોય, સૌ શાંતને આનંદમાં રહે છે.

આજે આ ગામની સૂરત બદલાઈ છે. ગામમાં દારુને માંસ વેચાતો નથી. સૌ શાકાહારી છીએ. ગામમાં એક પણ મંદિર કે મસ્જિદ નતી. આ જગ્યા છે તે 'ઈલ્લા'ની જગ્યા કહેવાય છે. અહીં ભજનકિર્તન થાય ને મનાજ પઢાય. વજુ પણ થાય ને સાથે હવન... પણ. અહીં બાળકો સંસ્કૃત તથા ઉર્દૂ ભણે છે, મદરેદસા - નથી પાઠશાળા... ઈદ ને દિવાળી - રોજાને એકાદશી સૌ સાથે કરે છે. અમારું આ ગામ રાષ્ટ્રને નવો માર્ગ બતાવશે... આવો ગામમાં..

●●●

દાદા... જાગો... ચા થઈ ગઈ, પૌત્રે સત્યાંશુને જગાડ્યા. જાગેલા સત્યાંશુ વિચાર કરે છે. સપનું મમળાવે છે શું ૨૦૨૦માં આવું એકાદ ગામ સર્જી શકાશે?